ભાઈ શ્રી. સુરેશ જાની પાસે વીપુલ  વીષય-વૈવીધ્ય છે  અને તે પર તેમની કલમ રસાળ રીતે એકસરખી વીહરે છે. તેમણે આલેખેલા ત્રણ પ્રસંગો…હરનીશ જાની…

# ચાલુ દીવસની સવાર- કેનેડામાં

(સત્યકથા)

--સુરેશ જાની

સવારના સાડા છનો સુમાર હતો.. બેબી(મારી દીકરી સ્તો !)ને જોબ પર જતાં પહેલાં નાસ્તો કરવાની ઉતાવળ હતી. જમાઈ બીચારા ચીંતામાં હતા, તેમનાં મોજાં જડતાં ન હતાં. બાબલાનું રમકડું ખોવાયું હતું અને તે માટે તે ચીંતાતુર હતો. બાબલો (બેબીનો જ તો !) આ બધી ધમાલથી છટકવાના ઈરાદે બોલ્યો, "નાના, તમે પ્રાણાયામનું કહેતા હતા ને? તે મને શીખવાડો." મારા રીટાયર થયા બાદ હજુ ગઈ કાલે તો અમે અમદાવાદથી ઓટાવા(કૅનેડા) બેબીને ઘેર આવ્યાં હતાં. મને શુર ચડ્યું. ચાલ બાબાને ભારતીય સંસ્કૃતીનો પહેલો પાઠ આપવાનું આજથી જ શરુ કરી દઉં.

મેં મારી 'એ'ને કહ્યું - "ચાલ ઘરની બહાર ઓટલા પર પ્રાણાયામ કરીએ. ચાલ, બાબલા ! મઝા પડશે." બાબલો આ નવા સાહસની શક્યતાથી ઉત્સાહમાં આવી તૈયાર થઈ ગયો. મારાં પત્ની પણ બહાર આવી ગયાં. અમે પ્રાણાયામનો કાર્યક્રમ શરુ કર્યો. થોડી વારે જમાઈ દરવાજામાંથી બહાર આવ્યા અને બારણું લૉક કરીને વીદાય થયા. પાંચ મીનીટમાં બેબી પણ ગૅરેજમાંથી ગાડી કાઢીને અમને "બાય"– કહીને વીદાય થઈ.

કેનેડીયન ઘરની બંધીયાર હવામાં નહીં પણ; બહારની શુદ્ધ હવામાં કસરત અને પ્રાણાયામ કરીએ, તો તબીયત કેવી બને તેવું મારું ભાષણ બાબલો ધ્યાનપુર્વક સાંભળતો હતો. સાથે સાથે મારી ચાર મણની કાયાને અને ખાસ તો તેના શણગાર રુપ મારા પેટને જોવાની મઝા માણતો હતો. મારાં પત્ની એક ચીત્તે તેમની નમણી કાયા, પાછલી ઉમ્મરમાં પણ સોળ વર્ષની કન્યા જેવી રહી શકશે તેના ઉત્સાહમાં બરાબર વ્યાયામ-વ્યસ્ત હતાં.

"હવે ચાલો ઘરમાં જઈએ," થાકેલા સ્વરે હું બોલ્યો. આખા લશ્કરે ઘરના બારણા ભણી વીજયયાત્રા આરંભી. બાબલો સૌથી આગળ. પેલું ખોવાયેલું રમકડું હવે પાછું યાદ આવ્યું હતું, તે મળશે એ આશાએ તે વધુ ઉત્સાહીત જણાતો હતો.

પણ, બારણું તો બંધ ! વળી ઘરમાં તો કોઈ હતું જ નહીં. આ સાવ અવનવા દેશનાં બારણાં પણ કેવાં ? ઑટોમેટીક તાળું વસાઈ જાય! ક્યાં તો અંદરથી ખોલો અથવા ચાવી હોય તો ખોલીને અંદર જાઓ.

હવે શ્રીમતીજીના સોળ સાલની સુંદરી થવાના સપનાંઓ પર પાણી રેડાઈ ગયું. "તમને આવા ચાળા સુઝે છે ! હવે શું થશે ?" તેઓ વઘાં.

હું તો હતપ્રભ જ થઈ ગયો હતો. નોકરી કરતો હતો ત્યારેય આવા ધર્મસંકટમાં કદી પડ્યો નહોતો. મૅડમનો કકળાટ ચાલુ જ હતો. હવે કરવું શું ? પાસે ફોન પણ નહીં ! અને કોઈ અડોશી-પડોશી પણ દેખાય નહીં ! બધાનાં બારણાં બંધ અને સાવ અજાણ્યાના ઘરે જવાય પણ શી રીતે? અને પાછી ધોળા લોકોની વધારે પડતી શીસ્ત ! આપણે તો બાપુ, જબરા હલવાણા !

પણ આ કેનેડામાં ઉછરતી નવી પેઢી સ્માર્ટ ઘણી હોં ! પોયરાના તરોતાજા દીમાગમાં ઝબકારો થયો. તે કહે, "મારી બેબી-સીટર સાવ નજીકમાં રહે છે. ચાલો નાના, ત્યાં જઈને મમ્મીને ફોન કરીએ."

અમારું લશ્કર તો ઉપડ્યું બેબી-સીટરને ઘરે ! બાબલો અને નાની તો કંઈક વ્યવસ્થીત પોશાકમાં હતાં; પણ બંદા તો ચડ્ડી - બનીયનધારી ! અને ત્રણેય ખુદાબક્ષો વળી અમદાવાદી હોલબુટમાં-એટલે કે ખુલ્લા પગે ! બધું હાઉસન-જાઉસન તો ચાલ્યું. આગળ આ નવા સાહસથી ઉત્સાહમાં આવી ગયેલો, અને આટલા મોટા માણસોના ગાઈડ થવાની, અણધારી બઢતી મળ્યાની

તકથી ઉછળતો બાબલો ! પાછળ ચીંતાગ્રસ્ત વદને અને થોડા ક્ષોભવાળા ચહેરે હું અને સૌથી પાછળ ફ્યુઝ ઉડી ગયેલી નાની !

રસ્તામાં સ્વાસ્થ્ય માટે બહુ સભાન અને સવારના પહોરમાં ચાલવા નીકળેલા કેનેડીયન નર-નારી, વીસ્ફારીત નજરે અમને નીહાળી રહ્યાં હતાં. અમે તો મીંયાની મીંદડીની જેમ નજર નીચી કરીને ધસમસતાં હતાં. ક્યારે બેબી-સીટર બેનશ્રીનું ઘર આવે અને અમારા આ ધર્મસંકટનો અંત આવે.

એટલું સારું હતું કે બાબલો સૌથી વધારે મુડમાં હતો . જો રડતો હોત તો, કોઈ શીશુ-સાથી, પરોપકારી સજ્જનની કૃપાથી અમે પોલીસથાણે પણ પહોંચી ગયાં હોત-આ અવનવા દેશમાં !

છેવટે અમે ત્યાં પહોંચ્યાં. પેલાં બહેન તો અમારા દીદાર જોઈને ડઘાઈ જ ગયાં ! પણ મામલો સમજાવતાં બધું થાળે પડ્યું. દીકરી સાથે વાત થઈ ગઈ, પંદરેક મીનીટમાં તે આવી ગઈ અને અમને યથાસ્થાને પાછા સુખરુપ ગોઠવી પણ દીધા. ઘટનાનું પુનરાવર્તન ન થાય તે શુભાશયથી, સાંજે અમને ચાવીની બીજી નકલ પણ મળી ગઈ !

પણ એ અડધોએક કલાકની કેનેડાની પહેલી સવાર જીંદગીભર યાદ રહી જશે.

(એક મીત્રની આપવીતી પર આધારીત સત્યકથા)

## .૨.

## સ્લમમાં સફર

૧૯૯૯ની સાલની આ વાત છે. હું તે વખતે ઈલેક્ટ્રીસીટી કમ્પનીના એક ઝોનમાં કામ કરતો હતો. મોટા શહેરોમાં વીજળીનાં વીતરણનાં કામને પહોંચી વળવા શહેરના જુદા જુદા વીસ્તારોના નાના ઝોન અથવા વીભાગ બનાવવામાં આવે છે. મારા ઝોનના ચાર્જમાં હું હતો એટલે, બધા મને રીપોર્ટ કરતા હતા. આવા ઝોનમાં તો જાતજાતનાં અને ભાતભાતનાં કામો હોય. એક નાનકડી કમ્પની જ જોઈ લ્યો ! વીજળીની ચોરી પકડવાનું અને અટકાવવાનું કામ પણ આના એક ભાગ રુપે. બહુ જ ગંદું અને મુશ્કેલ; પણ અત્યંત જરુરી આ કામ. મારો ઝોન અમારી કમ્પનીમાં સૌથી મોટો. એટલે બધી જાતના ઘરાકો અમારા વીસ્તારમાં હતા.

એક દીવસ અમારા મીટર રીડીંગ ખાતાના અધીકારીએ ચર્ચા દરમીયાન એવો રીપોર્ટ આપ્યો કે એક ગામ પાસે આવેલ '...નગર' નામના સ્લમ વીસ્તારમાં વ્યાપક પ્રમાણમાં ચોરીઓ થાય છે. મેં મનોમન ત્યાં ધાડ-દરોડો પડવાનું નક્કી કર્યું. અમે આવા નીર્ણયો અગાઉથી જાહેર નથી કરતા હોતા. બધી તૈયારીઓ પતે પછી છેલ્લી ઘડીએ જ, સ્થળથી એકાદ માઈલ છેટા હોઈએ, ત્યારે સ્થળનું નામ જાહેર કરીએ, જેથી ગુપ્તતા જળવાય અને દરોડાની માહીતી ગુનેગારો સુધી પહોંચી ન જાય.

બહુ મોટો વીસ્તાર હતો, અને મને પણ સ્લમ વીસ્તાર જોવાની ઈચ્છા હતી, માટે હું પણ આ ધાડની કામગીરીમાં જોડાયો. અમારી ફોજ બહુ મોટી હતી. બીજા બે ખાતાંઓનો સહકાર પણ લીધો હતો. મારી સાથે સોએક માણસોનો સ્ટાફ, વાહનો, બંદુકધારી સીક્યોરીટી ગાર્ડ અને બીજી સામગ્રી હતાં. મારી સરદારી નીચે બધું હાઉસન- જાઉસન ત્યાં પહોંચ્યું. અમે કામગીરી શરુ કરી.

આમ તો એ ઝુંપડપટ્ટી ન હતી. સરકારી ખાતાએ બાંધેલાં પાકાં મકાનો હતાં. પણ એક રુમ અને રસોડાનાં એ મકાનો ઝુંપડપટ્ટીને પણ શરમાવે તેવાં હતાં. મકાનોની દરીદ્રતાની સાક્ષી પુરતાં બધાં ચીહ્નો ચારે બાજુ દષ્ટીગોચર થતાં હતાં. દરેક મકાનને એક કેબલ વડે પાવર આપવામાં હતો. અમે જોયું કે મોટા ભાગના મકાનોમાં આવા કેબલ પર એક જગ્યાએ કાળી ટૅપ મારેલી હતી અને તેમાંથી એક પાતળો વાયર ઘરમાં જતો હતો. અમે ટૅપ ખોલીને જોયું, તો તેમાં બે પાતળી ખીલીઓ ઠોકેલી હતી અને તે ખીલીઓ સાથે પેલો પાતળો વાયર જોડેલો હતો. આમ મીટરની આગળથી જ, સાવ અણઘડ રીતે, પાવર ચોરી લેવામાં આવતો હતો.

અમે તે બધી સામગ્રી કાઢી નાંખી અને તે મકાનને સપ્લાય આપતી સ્વીચમાંથી ફ્યુઝ કાઢી નાંખ્યા. આ અંગેની કાયદાકીય નોટીસ પણ તે મકાનમાં હાજર બાઈને આપી દીધી. તે બાઈ તો ઓશીયાળી નજરે અમારી સામે જોઈ રહી. રડું રડું થતી તેની આંખ કાંઈક કહી રહી હતી. મને જરા ઉત્કંઠા થઈ. મેંતે બાઈને પુછ્યું, "તમારે કાંઈ કહેવું છે?"

ડુમાથી રુંધાયેલા અવાજે તે બોલી, "સાયેબ, હો રુપીયા દાદાને આલવાના ચ્યાંથી લાઈશું?" મને થયું : આ કોની વાત કરે છે?–

મારી સાથેના આ વીસ્તારના જાણકાર ઈલેક્ટ્રીશીયને મને કહ્યું, "આ વીસ્તારના નામચીન '...દાદા'ની તે વાત કરે છે. આપણે જઈએ પછી, સો રુપીયા લઈને 'દાદા'નો માણસ ફરી પાછો સપ્લાય આપી દેશે ! જેની પાસે રુપીયા હોય તે જલસા કરે. દર મહીને પચાસ રુપીયા 'દાદા'ને આપવાના. આપણી કમ્પનીને ડીક્કો !"

હું તો હેબત જ ખાઈ ગયો ! આખું સમાંતર તંત્ર ચાલે ! અને અમારા પાવરના જોરે 'દાદા' નો 'પાવર' અને 'પાવર સપ્લાય' વધતો જ જાય ! (એ વખતે મને કોઈ 'દાદા' નહોતું કહેતું - મોટ્ટો સાયેબ મુઓ'તો ને !)

હવે મને અમારા આખા ઑપરેશનની વ્યર્થતા સમજાઈ. કશો અર્થ જ નહોતો. ઉલટાનું અમારી ધાડથી તો 'દાદા'ને બીજી વધારાની આવક થવાની હતી ! પાવરના 'રી-સપ્લાય' દ્વારા ! વધારે દુષણો પોસાવાનાં હતાં!

વ્યગ્ર ચીત્તે હું તે મકાનથી આગળ જવા નીકળ્યો. બાજુના ઘરની બહાર એક ખાટલા પર ધોમધખતા તડકામાં એક દમીયલ ડોસો ખાંસતો પડ્યો હતો. તેના તુટેલા-ફુટેલા ખાટલા માટે ઘરમાં કોઈ જગ્યા ન હતી. આ 'એરકંડીશન્ડ' (!) જગ્યા તેને ફાવી ગઈ લાગતી હતી. સુતાં સુતાં જ તે આજુબાજુ ગળફા થુંકતો હતો. બાજુમાં જ બે સાવ નાગાંપુગાં બાળકો ધુળમાં મજાથી રમતાં હતાં.

થોડેક આગળ ગયા. દુરથી બીહામણા દેખાવવાળા, લુખ્ખા જેવા બે ત્રણ માણસો અમારી પ્રવૃત્તી નીહાળી રહ્યા હતા. મેં પેલા જાણકારને પુછ્યું કે , 'આ કોણ ?'

તેણે કહ્યું, "દાદાના માણસો છે. આપણા જવાની રાહ જોઈ રહ્યા છે. આપણે જઈએ પછી તેમની ઉઘરાણી અને રી-સપ્લાયની (!) કાર્યવાહી શરુ. આપણા પર એ લોકો વારી ગયેલા છે- આજે વધારાની આવક થવાનીને!"

થોડે આગળ ગયા. ત્યાં એક મકાનના બારણામાં આવા બીજા બે લુખ્ખાઓ બેઠેલા હતા. મને કહેવામાં આવ્યું કે તેઓ 'બેવડા'નું વેચાણ કરે છે. તેમણે મને પણ પુછ્યું, " સાયેબ, દેશીનો 'ટેસ' કરવો સં ? વીલાયતીય સં - તમને મફતમાં 'ટેસ' કરાવહું ."

આ હતું ગાંધીજીના ગુજરાતના મુખ્ય શહેરમાં દારુબંધીનું વરવું ચીત્ર !

વળી આગળ ગયા. એક મકાનના બારણામાં આંખોના નીર્લજ્જ ઈશારા કરતી, સોળેક વરસની બે છોકરીઓ ઉભેલી હતી. અડધી ખુલ્લી છાતીમાંથી ખીલતું જોબન લુંટાવા માટે લચકી રહ્યું હતું. તેમણે સાવ નાની ચડ્ડી પહેરેલી હતી અને તેમનો એક હાથ પોતાની ખુલ્લી સાથળ ઉપર સુચક રીતે ફરી રહ્યો હતો.

હવે તો મારી ધીરજનો અંત આવી ગયો. હું મારી જાતને બહુ જ અસહાય અને અકાર્યક્ષમ થયેલી જોઈ શક્યો. મારા અધીકારીઓને હું મોટેથી બરાડીને બોલ્યો, " ચાલો પાછા, ઑપરેશન બંધ ! આ ધાડનો કોઈ અર્થ જ નથી."

અમે બધા વ્યગ્ર ચીત્તે ઑફીસે પાછા ફર્યા.

પણ ત્રણ દીવસ સુધી મેં જોયેલાં એ વરવાં દશ્યો સ્મૃતીપટલને કોરતાં, આક્રોશતાં રહ્યાં. ચીસો પાડી પાડીને સ્લમની એ દુનીયા મારી સભ્યતાને પડકારી રહી હતી. આખા સમાજને પડકારી રહી

હતી. સુફીયાણી પંડીતાઈની, સ્વપ્નીલ, રુડી  અને રુપકડી આલમની હાંસી કરી રહી હતી. મારા દંભના પડદા વીદારી રહી હતી.

## .૩.

## પાનખર

તે દીવસે પાર્કની મુલાકાતે ગયો હતો. પાનખર હવે પતવામાં. ઓતરાદા વાયરા અને ઠંડીનો ચમકારો શરુ થઈ ગયાં છે. ઠેકઠેકાણે ખરેલાં પાંદડાં પડ્યાં છે. સાવ નીર્જીવ, શબ જેવાં, પવનના ઝપાટામાં દીશાવીહીન, આમથી તેમ અફળાતાં..બીચારાં પાંદડાં !

આ ઝાડની નીચે ઘણાં બધાં પાંદડાંનો ઢગલો પડ્યો છે. આ જ પાંદડાં ઝાડ પર હતાં ત્યારે તેના રંગ કેવા નીખરેલા હતા ! કેટલાં સોહામણાં લાગતાં હતાં ! માત્ર ઝાડની જ નહીં, આખા પાર્કની શોભામાં ચાર ચાંદ લાગી જતા હતા. અત્યારે એ સાવ મૃત થઈને પડેલાં  !

હું થોડો આગળ ચાલું છું. આ બીજા ઝાડ પર તો એકેય પાંદડું બાકી નથી. ઠંડીના ચમકારામાં થરથરતું એ ઝાડ સાવ બોડું થઈ ગયું છે ! તેની ઉપર તો શું, નીચેય એક પણ પાંદડું બચ્યું નથી. બધાંયને વાયરાનો સુસવાટો તાણી ગયો છે. તેની બધી સમૃદ્ધી નામશેષ થઈ ગઈ છે.

લ્યો... એની બાજુવાળા આ જનાબ હજી હવે પાનના રંગ ખીલવી, રંગીન મીજાજમાં મહાલી રહ્યા છે ! તેમનો વારો હજુ હવે આવશે. પણ અત્યારે તો એ પુરબહારમાં છે.  બાજુના મહાશય તો સદાકાળ હરીતપર્ણધારી જ છે. એ તો હંમેશ લીલા ને લીલા જ ! તેમને કોઈ પાનખર વીચલીત કરી શકતી નથી.  તેમની ખુમારી તો કાંઈ અજીબોગરીબ જ જણાય છે !

એની બાજુમાં જ એક કાપેલા ઝાડના થડનો, માંડ એક બે  ઈંચ ઉંચો પાયો, માત્ર સમ ખાવા માટે   ટુંટીયું વાળીને પડ્યો છે - જાણે કે, ઝાડની કબર ! તેનો આડછેદ (ક્રોસ સેક્શન)જોતાં એ દાદા 60-70 વરસ જીવ્યા હોય એમ લાગે.  લ્યો, આ તો મારા જ સમવયસ્ક નીકળ્યા ! તેની બધી ખુમારી ઓસરી ગયેલી  છે.

દરેક ઝાડની પોતાની એક ખાનદાની રસમ હોય છે. એનું પોતાનું આગવું એક કેલેન્ડર હોય છે. દરેકનો પોતાનો એક મીજાજ, એક રંગ, એક નીયત-જીંદગી હોય છે. તેનો અણુએ અણુ પોતાની પરંપરાને બરાબર પાળે છે. પાનખર હો કે વસંત- દરેક પોતાની નીયતી પ્રમાણે પાંદડાં ધારણ કરે છે અને વીખેરી દે છે. એ પાંદડાંય હંમેશ નથી રહેતાં અને એ થડ પણ નહીં.

પાર્કથી થોડે દુર ઝાડીઓવાળો પ્રદેશ છે. ત્યાં ગીચ ઝાડીની વચ્ચે પવનથી ઉડીને આવેલાં પાંદડાંઓના ઢગના ઢગ પડ્યા છે. વરસાદ આવશે, સ્નો પડશે, માટીના થરના થર તેમને આવરી લેશે. તે સૌ જ્યાંથી પ્રગટ્યાં હતાં, તે ધરતીનો એક અંશ બની જશે. એમાંથી રસ અને કસ ઉતરી, અન્ય વૃક્ષોનાં મુળીયાં સુધી પહોંચશે. ફરી એ નવપલ્લવીત કુંપળોમાં રસ સીંચન કરશે. બીજા જ કોઈ વૃક્ષનું કોઈ નવાં જ પાન બની,  કોઈ બીજો જ રંગ  મઘમઘાવશે અને તે પછીની પાનખરે ફરી પાછાં...

ફરી જન્મ, ફરી મૃત્યુ. આ જ જીવનક્રમ હજારો વર્ષોથી ચાલ્યો આવે છે અને ચાલતો રહેશે.

અને આ પાંદડાંની જેમ હું પણ વાર્ધકયમાં પ્રવેશી ચુક્યો છું. મારો રંગ તેમના જેવો આકર્ષક નીખાર તો નથી જ આપતો. એક દીવસ તેમની જેમ જ હું પણ ખરી જઈશ. વાયરો મારા અવશેષોને ઉડાડીને ધરતીની સાથે એકરસ કરી નાંખશે. જેણે મારા જીવન દરમીયાન મારું પોષણ કર્યું છે; તે ધરતીના કણકણમાં મારું સમગ્ર અસ્તીત્વ ઓગળી જશે. મને ખબર નથી કે, જેને હું 'હું' કહું છું, તેનું પછી શું થશે ?!

આ જ તો પાંદડાંની, થડની, મારી અને તમારી સૌની નીયતી છે !

--સુરેશ જાની  સંપર્ક : 3201, Silver point court,**MANSFILD**,Texas-76063-**USA**
**Phone** - 817- 453- 4759 **eMail:** **sbjani2006@gmail.com**

*લેખકના બ્લોગ્સ:*

http://sureshbjani.wordpress.com/parichay/
http://gujpratibha.wordpress.com/
http://kaavyasoor.wordpress.com/
http://antarnivani.wordpress.com/antar_vani/
http://pateldr.wordpress.com/
http://rajeshwari.wordpress.com/
http://dhavalrajgeera.wordpress.com/
http://gadyasoor.wordpress.com/

‘સન્ડે ઈ-મહેફીલ’ -- વર્ષ : ત્રીજું -- અંક : **134** **-- December 30, 2007**
‘ઉંઝાજોડણી’માં અને ‘વીજયા’ ફૉન્ટમાં સાભાર અક્ષરાંકન : સુનીલ શાહ **sunras22266@gmail.com**



## સર્જક-પરીચય

આ માણસને અમે કદી ફોટા સીવાય ક્યાંય જોયા નથી કે કદી મળ્યા નથી;પરંતુ ઈન્ટરનેટની દુનીયામાં એમના અસ્તીત્વનો અહેસાસ થાય છે. એમને તમારે મળવું હોય તો કમ્પ્યુટર પર મળો. ‘ગદ્યસુર ડોટ કોમ’ એ એમનું નિવાસસ્થાન છે. ‘ઈન્ટરનેટ’ એમની દુનીયા છે. ગુજરાતી ભાષા-સાહીત્ય એમનો ‘જીવનમાર્ગ’ છે અને ‘ઉંઝાજોડણી’ એમનું નવું વાહન છે. જ્યારે જુઓ ત્યારે તેઓ અવીરત ગતીએ આ પંથે પ્રવાસ-પ્રયાણ કરતા જ હોય છે. આપણને વીચાર આવે કે આવું કેમ કરતા હશે? પાઈની કમાણી નહીં અને ઘડીની નવરાશ નહીં !

૧૯૪૩માં અમદાવાદમાં જન્મેલા સુરેશ ભીખાભાઈ શાહ, મુળ અમદાવાદના વતની; પણ ‘અમદાવાદી’ નહીં. જુવાની આખી, ગુજરાતમાં ઈલેક્ટ્રીકલ એન્જીનીયર તરીકે વીતાવી. સાબરમતી પાવર હાઉસના જનરલ મેનેજરના પદેથી નીવૃત્ત થઈને છેલ્લાં આઠ વરસથી અમેરીકાના ટેક્સાસમાં દીકરા-દીકરી સાથે, પત્ની જ્યોતીબહેન જોડે નીવૃત્તીકાળ વીતાવવા આવ્યાં છે; પરંતુ નીવૃત્ત થવાનું નામ લે તો સુરેશભઈ શેના ! જીંદગીભર ‘વીજળી’ અને ‘જ્યોતી’ જોડે રહેલા સુરેશભાઈ સાચે જ વીજળીના વેગથી ગુજરાતી ભાષાની અને વાચકોની ઈન્ટરનેટ દ્વારા સેવા કરવા મંડી પડ્યા છે. ૬૪-

૬૫ વરસના આ યુવાનને તેમના વાચકોએ એમને વહાલથી નાહકના ‘દાદા’ બનાવી દીધા છે. બાકી સ્વીમીંગ અને યોગાસનોના આશીક સુરેશભાઈ હજી દાયકાઓ સુધી દોડતા અને દોડાવતા રહેશે. એમની ભાષા-ભક્તી અને ધગશને સલામ. લેખકનો ખરો પરીચય એની કલમ આપે. જીવનના અનુભવોનું ભરપુર ભાથું બાંધ્યા પછીની એમની કલમ ઘડાયેલી લાગે છે. વાચકોને ગમશે..
--હરનીશ જાની અને ઉત્તમ ગજ્જર
(વીદેશનીવાસી સર્જકોની સ.મ.સંપાદનની જવાબદારી સ્વીકારવા બદલ મીત્ર **શ્રી. હરનીશ જાની**નો અને અક્ષરાંકન માટે મીત્ર **સુનીલ શાહનો** દીલથી આભાર..ઉત્તમ..)

## ● મધુરેણ સમાપયેત્ ●




ના, ના..., તમારા સુધી બેસવા જવાનું ના હોય! અને આમ પણ એમની ઉંમર થયેલ.., વળી ઘણા સમય થી માંદા પણ રહેતા હતા..., એકાદ એસએમએસ કરી નાખશો તો ચાલશે.

પેન્સીલ્વેનીયા-અમેરીકામાં વસેલા અમદાવાદી કાર્ટુનીસ્ટ **શ્રી. મહેન્દ્રભાઈ શાહ**નો
ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com
એમનો પરીચય પામવા અને એમનાં ખુબ બધાં કાર્ટુન્સ માણવા જુઓ એમની
web site : www.ameamericanamdavadi.com

‘સન્ડે ઈ-મહેફીલ’ -- વર્ષ : ત્રીજું -- અંક : **134 -- December 30, 2007**
‘ઉંઝાજોડણી’માં અને ‘વીજયા’ ફોન્ટમાં સાભાર અક્ષરાંકન : સુનીલ શાહ **sunras22266@gmail.com**